માર્ચ-૨૦૧૬. ૬૬

# સંવિદ






સંપાદક
યશોધર હ. રાવલ

SAMVID-4

[A Collection of Proceeding Speeches of Celebrated Professors of Anart Gujaratino Adhyapak Sangh of H.N.G.Uni., PATAN]

Edited by : Yashodhar H. Raval

©AGAS

ISBN : 978-81-910-798-76

કિંમત : ₹ ૧૫૦-૦૦

પ્રકાશક

આનર્ત ગુજરાતીનો અધ્યાપક સંઘ-AGAS - વતી,
યશોધર હ. રાવલ
'ગુલમહોર', ૬-માધવપાર્ક,
આશ સેકન્ડરી સ્કૂલની પાસે,
વિસનગર રોડ, વિજાપુર-૩૮૨૮૭૦

પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૨૦૧૬

ટાઈપસેટિંગ :
સ્ટાઇલસ ગ્રાફિક્સ
24, ઈલોરા કોમ. સેન્ટર, 4થો માળ, સલાપસ રોડ,
જી. પી. ઓ. સામે, અમદાવાદ. ફોન : 2550 5300

મુદ્રક : પ્રકાશ સી. રાવલ
રાવલ પ્રકાશન, પાટણ
ફોન : 9909754873

સૌજન્ય :

AGASના નિષ્ઠાવાન ને અભ્યાસી અધ્યાપકમિત્રો



ડૉ. કનૈયાલાલ એમ. બારોટ
(પૂર્વ પ્રમુખ-AGAS )
મહેસાણા



ડૉ. કાસમ એન. બ્લોચ
(કાસમ જખ્મી)
(પૂર્વ પ્રમુખ-AGAS )
ખેડબ્રહ્મા



ડૉ. સોહન દવે
(મંત્રી - AGAS )
પાલનપુર



પ્રો. મોહનભાઈ બી. પટેલ
વિસનગર

# અનુક્રમણિકા


૧. 'કાન્ત'માં ખંડકાવ્યોમાં સંઘર્ષ તત્ત્વ ........ ૯
• ડૉ. કનૈયાલાલ એમ. બારોટ

૨. 'અપરાજેય' ('The Old Man and The Sea') વિશે ........ ૨૫
• ડૉ. કાસમ એન. બલોચ (કાસમ જખ્મી)

૩. કનૈયાલાલ મુનશીનું શ્રેષ્ઠ ઐતિહાસિક નાટક 'ધ્રુવસ્વામિનીદેવી' ........ ૩૭
• ડૉ. સોહન દવે

૪. દક્ષિણ ગુજરાતનાં 'ઘેરીયા નૃત્યગીતો' : એક અભ્યાસ ........ ૫૦
• પ્રો. મોહનભાઈ બી. પટેલ

૫. વખાર ........ ૫૭
• પ્રો. દક્ષા ભાવસાર

૬. લોકકથા : શાસ્ત્ર અને સંપાદન ........ ૭૦
• ડૉ. શિવરામ શ્રીમાળી

૭. 'રામવિવાહ આખ્યાન'માં ભાલણના સર્જકવિશેષો ........ ૭૯
• ડૉ. અરવિંદ એસ. પટેલ

૮. 'બીજે ક્યાંક' (વીનેશ અંતાણી) ........ ૮૬
• પ્રો. પલ્લવી ત્રિવેદી

૯. ગઝલ સાધનાનું પક્વ પરિણામ 'જીવવાનો રિયાઝ' ........ ૯૪
• ડૉ. કનૈયાલાલ એમ. બારોટ

૧૦. પ્લેટો-એરિસ્ટોટલની કાવ્ય સંવેદના ........ ૧૦૯
• ડૉ. રૂપા ભટ્ટ

૧૧. 'ચકરાવો' વાર્તામાં પ્રગટ થતી સંવેદના ........ ૧૧૩
• ડૉ. મરીના એ. ચૌહાણ

૧૨. ધૂળધોયાનું કામ – 'ગુજરાત શાળાપત્ર : અભ્યાસાત્મક પર્યટન' ૧૧૮
• ડૉ. વિમલેશ ખમાર

૧૩. 'કબૂલાતનામું' : પુત્રીના મુખે પિતાની આત્મકથા ........ ૧૨૪
• ડૉ. પારસ ખમાર

૧૪. હતું એનું જીવન કવિતાસભર ........ ૧૨૭
• ડૉ. સતીષ એસ. પટેલ

૧૫. સર્જક મથામણનું નવનીત – 'વન્યરાગ'ની વાર્તાઓ ........ ૧૩૧
• ડૉ. ગણપત સોઢા

૧૬. 'ધુંબડી' – જનપદના વાસ્તવનું તાદૃશ્ય ચિત્રણ ........ ૧૪૨
• ડૉ. ભરત સોલંકી

૧૭. સ્વામી આનંદની રસાવહ, પણ અલ્પખ્યાત કૃતિ 'નઘરોળ' ........ ૧૪૮
• યશોધર હ. રાવલ

૧૮. 'દિવાસાનું પરબ અને તેનાં ગીતો' ........ ૧૬૯
• ડૉ. દશરથ પટેલ

# કનૈયાલાલ મુનશીનું શ્રેષ્ઠ ઐતિહાસિક નાટક 'ધ્રુવસ્વામિનીદેવી'

• ડૉ. સોહન દવે

મુનશી આપણા પ્રમુખ સર્જક, સાહિત્ય વિવેચક અને સાહિત્યના ઇતિહાસકાર, ગુજરાતની અસ્મિતાના પ્રબોધક અને આરાધક, અગ્રગણ્ય ધારાશાસ્ત્રી, બંધારણશાસ્ત્રી, રાજપુરુષ, વહીવટકર્તા, સંસ્થા સંસ્થાપક, ભારતીય સંસ્કૃતિના અધ્યેતા અને ઉદ્દ્યાતા છે. બહુમુખી પ્રતિભા ધરાવતા મોટાગજાના સર્જક છે.

મુનશીનાં બે પ્રિય સાહિત્યસ્વરૂપ નવલકથા અને નાટક. મુનશીની પ્રતિભા મૂળ તો છેક એક નાટ્યકારની. એમની આત્મકથાનાં પાનાં જોતાં પ્રતીતિ થાય છે કે શૈશવથી જ નાટક પ્રત્યે એમને એક પ્રકારની લગની હતી. 'સીતાસ્વયંવર' અને 'પ્રેમચંદ્રિકા' નાટકોનો પ્રભાવ મુનશીના કુમળા હૃદય પર પડ્યો હતો. મુનશી આ બે નાટકોના કેટલાંક સંવાદોને સંભારીને લખે છે :

'નાનપણમાં જોયેલા આ બે દૃશ્યો અને સાંભળેલ આ લીટીઓ જીવનના તારેતાર સાથે વણાઈ ગયા છે ને હજારો જીવંત પ્રસંગના ગર્ભમાં સમાયાં છે.'[1]

નાટક મુનશીનો પ્રથમ પ્રેમ. એમનો પ્રાણ. મુનશી શ્રેષ્ઠ નવલકથાકાર બની શક્યા તેના મૂળમાં તેમની સંવાદપ્રાધાન્ય નાટ્યાત્મક દૃષ્ટિ છે. ગુજરાતી રંગભૂમિને જૂની ઘરેડમાંથી વિમુક્ત કરવાનું કામ ચંદ્રવદન મહેતાની સાથે મુનશીનું નામ પણ ગૌરવથી લેવાય છે. મુનશી પાસેથી પંદર નાટકો મળે છે. તેમણે સામાજિક, પૌરાણિક અને ઐતિહાસિક એમ ત્રણ પ્રકારનાં નાટકો આપેલ છે. 'કાકાની શશી', 'અવિભક્ત આત્મા', 'લોપામુદ્રા' વગેરે નાટકોની તખ્તાલાયકી અનેક પ્રયોગોથી પુરવાર થયેલી છે. નાટ્યકાર મુનશીની લોકપ્રિયતા સામાજિક-પૌરાણિક નાટકોને આધારે જ સવિશેષ હોવા છતાંય તેમનું એકમાત્ર ઐતિહાસિક નાટક 'ધ્રુવસ્વામિનીદેવી' ને જ અનંતરાય રાવળ જેવા અનેક વિદ્વાનો ઉત્તમ નાટ્યકૃતિ તરીકે બિરદાવે છે.



'ધ્રુવસ્વામિનીદેવી' ઈ.સ. 1929માં રચાય છે. મુનશી આ નાટકને 'એક ખોવાયેલા નાટકનું નવદર્શન'[2] તરીકે ઓળખાવે છે. એટલે કે આમાં ઇતિહાસની સામગ્રી–તેનો આધાર તો છે જ પરંતુ મુનશીનું નવદર્શન પણ છે. ઇતિહાસની ઘટનાઓમાં મુનશીની સતેજ કલ્પનાશીલતાએ સ્વકીય ઉમેરણ કર્યું છે. નાટકનું વસ્તુ ચોથી સદીના અંતસમયના ભારતીય ઇતિહાસ અંગેનું છે. ગુપ્તસમ્રાટોનો રાજ્યકાળ એ ભારતીય ઇતિહાસમાં સુવર્ણયુગ તરીકે જાણીતો છે. મગધના રાજા ચન્દ્રગુપ્ત અને તેના સામ્રાજ્ઞી કુમારદેવી આ પરાક્રમી યુગના પ્રતાપી પુત્ર સમુદ્રગુપ્તે નર્મદાની ઉત્તરે આવેલા આર્યાવર્ત પર દિગ્વિજય કરી 'અશ્વમેધ પરાક્રમ', 'અજિતરાજ જેતાજિત' જેવાં બિરુદો મેળવ્યાં હતાં. સમુદ્રગુપ્ત હિન્દી ઇતિહાસનો નેપોલિયન મનાય છે. તેનો અનુગામી ચન્દ્રગુપ્ત 'વિક્રમાદિત્યે' ગુપ્તવંશની કીર્તિપતાકા ફરકાવીને ઇતિહાસમાં અમર થઈ ગયા. કનૈયાલાલ મુનશી 'ધ્રુવસ્વામિનીદેવી' નાટક રચના સંદર્ભે નોંધે છે.

'સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બેની વચ્ચે સમુદ્રગુપ્તનો મોટોપુત્ર રામગુપ્ત ગુપ્તોનો રાજ્યદંડ થોડા વખત માટે ધારતો હતો. એ નવી શોધ ડૉક્ટર સિલ્વિયન લેવીએ કરી છે. એ રામગુપ્ત કેવો હતો એના નીચ કૃત્યો શાં હતાં અને તે કેવી રીતે મુઓ તે પ્રસંગ પર 'મુદ્રારાક્ષસ'ના કર્તા વિશાખદત્તે 'દેવી ચંદ્રગુપ્તમ્' નામનું નાટક રચ્યું હતું. એ નાટક હાથ લાગ્યું નથી. પણ તેના ટુકડાઓ ભેગા કરી તેમાં રહેલી ઐતિહાસિક હકીકતનો ઉદ્ધાર કરવામાં આવ્યો છે. આ નષ્ટ થયેલા નાટકના વસ્તુમાં બીજી ઐતિહાસિક અને કાલ્પનિક સામગ્રી ઉમેરી નવેસ્વરૂપે આ નાટક લખવાનો મેં પ્રયત્ન કર્યો છે.'[3]

આમ, આ નાટકના વસ્તુને ઐતિહાસિક અવલંબન છે. તો મુનશીની સ્વકીય મુદ્રા પણ અંકિત થયેલી જોવા મળે છે.

ચાર અંકમાં વહેંચાયેલું આ નાટક વીસ વર્ષ જેટલા (ચોથી સદીના અંતના) સમયપટને આવરી લે છે. આથી કાળની એકતાનો અભાવ છે. પ્રસંગો જુદે જુદે સ્થળે બને છે. આથી સ્થળની એકતા પણ નથી. પણ હા, રાજખટપટો અને યુદ્ધના વાતાવરણ વચ્ચે ધ્રુવદેવી– ચંદ્રગુપ્તના વ્યક્તિત્વને ઓપ આપતા પ્રસંગોના કૌશલ્યપૂર્વકના આયોજનમાં 'કાર્યની એકતા' જોવા મળે છે.

નાટકનો આરંભ કુસુમપુરથી થાય છે. સૌરાષ્ટ્રના મહાક્ષત્રપ રુદ્રસેન સૈન્ય લઈ ઉજ્જયિની પર ચડી આવે છે. તેનો પ્રતિકાર કરવા માટે ચંદ્રગુપ્ત તેમજ મહાદંડનાયક ઉન્દાન સૈન્યો લઈને ગયા છે. પરંતુ સૈનિકોને યુદ્ધભૂમિમાં પ્રોત્સાહનની જરૂર જણાતાં ચંદ્રગુપ્ત મહારાજાધિરાજ રામગુપ્તને લઈ જવા માટે